# ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી
## કુલસચિવશ્રીની કચેરી
એટીક બિલ્ડીંગ, બોરસદ ચોકડી, આણંદ કેમ્પ, આણંદ - ૩૮૮૦૦૧

ડો. વી. પી. ઉસદડીયા
કુલસચિવ

Email: reg.goau@gmail.com
Mo. 9033427963

વંચાણે લીધા: ૧ શ્રમ આયુકતશ્રી, શ્રમ આયુકતશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરનો ઠરાવ ક્રર્માંક નં. શ્ર.આ./ ટે-૩/૫૨૫/ ૨૦૨૪, તા.૦૩.૧૦.૨૦૨૪
૨ નાયબ શ્રમ આયુક્તશ્રી, શ્રમ આયુકતશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના સરખા ઠરાવ ક્રમાંક નં. /૫૨૬-૫૪૬/૨૦૨૪, તા.૦૩.૧૦.૨૦૨૪

-:: પરિપત્ર ::-

આથી, આ યુનિવર્સિટીની તમામ કચેરી/ યુનિટ/ સબયુનિટના વડા/ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, શ્રમ આયુકતશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવથી લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે-તે વ્યવસાય માટે નિયત કરેલ મુળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાનાં દૈનિક દર તા.૦૧.૧૦.૨૦૨૪ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીના સમય માટે વર્તમાન દર યથાવત રાખવામાં છે, જેથી હાલના દર નીચે મુજબ રહેશે.

| અ.નં. | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક લઘુતમ વેતનદર + ખાસ ભથ્થું | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૪૭૪+૩૫.૦૦=૫૦૯.૦૦ | ૪૬૨+૩૫.૦૦=૪૯૭.૦૦ |
| ૨ | અર્ધ કુશળ | ૪૬૨+૩૫.૦૦=૪૯૭.૦૦ | ૪૫૨+૩૫.૦૦=૪૮૭.૦૦ |
| ૩ | બિન કુશળ | ૪૫૨+૩૫.૦૦=૪૮૭.૦૦ | ૪૪૧+૩૫.૦૦=૪૭૬.૦૦ |

ઉકત કોષ્ટકમાં દર્શાવેલ દૈનિક લઘુતમ વેતનના દરનો અમલ તા.૦૧/૧૦/૨૦૨૪ થી અન્ય આદેશ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

ઝોન-૧ માં ગુજરાત રાજયની મહાનગરપાલીકા અને નગરપાલીકાની હદનાં વિસ્તારનો સમાવેશ થશે. જયારે ઝોન-૨ માં, ઝોન-૧ માં સમાવેશ હોય તે સિવાયના ગુજરાત રાજયનાં તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

પ્રસ્તુત પરિપત્ર અત્રેની શાખાની ફાઈલ પર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

કુલસચિવ

સ્થળ : આણંદ
તારીખ :-૨૯-૧૦-૨૦૨૪
જા.નં.ગુ.ને.ફા.સા.યુ./રજી./એડીએમ-૧/2916-19/૨૦૨૪

**નકલ જયભારત સાથ રવાના:-**

૧. માન.કુલપતિશ્રીનાં રહસ્ય સચિવશ્રી, , ગુ.ને.ફા.સા.યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
૨. અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.
૩. હિસાબ નિયામકશ્રી, ગુ.ને.ફા.સા.યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ
૪. આઈ. ટી. સેલ વિભાગ, ગુ.ને.ફા.સા.યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ સદરહુ પરિપત્ર યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.